

# કોલ્ડપ્લેના શોમાં એક સીઈઓ અને તેની એચઆર ચીફના છાનગપતિયા વિશાળ સ્ક્રીન પર દેખાઈ ગયા!

**સોશિયલ** મીડિયા પર મીમ્સ, જોક્સ અને ચર્ચાઓની ભરમાર, પત્ની રિસાઈ

બોસ્ટન, તા. ૧૮: અમેરિકાના બોસ્ટનમાં કોલ્ડપ્લે સંગીત કાર્યક્રમ ચાલી રહ્યો હતો તે સમયે ડેટા સ્ટાર્ટઅપ કંપની એસ્ટ્રોનોમરના સીઈઓ એન્ડી બાયરન અને તેમની કંપનીના એચઆર વિભાગના ચીફ ક્રિસ્ટીના કેબોટ એકબીજાઓ સાથે અડપલા અને પ્રેમચેષ્ટાઓ કરતા કરતા આ શો જોઈ રહ્યા હતા ત્યાં જ અચાનક કિસ કેમ તરીકે ઓળખાતો કેમેરા તેમની તરફ ફર્યો અને તેમની ચેષ્ટાઓ તેણે આ શોના લાર્જ સ્ક્રીન પર બતાવી દીધી! તે સાથે તેમની પોલ ખુલી ગઈ. આ બંને પોત પોતાના જીવનસાથીઓને દેખીતી રીતે છેતરી રહ્યા હતા.

બોસ્ટનમાં બુધવારે યોજાયેલ કોલ્ડપ્લે કોન્સર્ટમાં આ ઘટના બન્યા પછી ગાયક ક્રિસ માર્ટિને કહ્યું કે હું આશા રાખું કે આપણે કશું ખોટું કર્યું નથી. આ યુગલની ચેષ્ટાઓ દર્શાવતી ૧૪ સેકન્ડની વીડિયો ક્લિપ સોશ્યલ મીડિયા પર વાયરલ થયા બાદ જાત જાતના મીમ્સ અને જોક્સનો મારો સોશ્યલ મીડિયા પર શરૂ થયો હતો. લોકો જાત જાતની ટીખળ કરી રહ્યા હતા, ઓફિસ એથિક્સ પર પણ ચર્ચાઓ શરૂ થઈ હતી તો એન્ડી બાયરનના અંગત જીવન પર પણ આની અસર દેખાઈ ગઈ છે. તેમની પત્નીએ પોતાના સોશ્યલ મીડિયા પ્રોફાઈલમાંથી બાયરન અટક દૂર કરી છે.

# ભારતના હુમલામાં નુકસાન પામેલ પાકિસ્તાનનો એક રન-વે બે મહિના પછી પણ શરૂ થઈ શક્યો નથી

**પંજાબ** પ્રાંતમાં આવેલ રહીમ યાર ખાન એરબેઝના રન-વેનું સમારકામ હજી ચાલુ છે

**ફ્લાઇટ** ઓપરેશનો માટે આ રન-વે પાંચમી ઓગસ્ટ સુધી બંધ રહેશે તેમ જણાવાયું, બંધ રહેવાની મુદ્દત ત્રીજી વખત લંબાવાઇ



લાહોર, તા. ૧૮: પહેલગામ હુમલા પછીના ઓપરેશન સિંદુરના પછી ફાટી નિકળેલી લડાઇમાં નુકસાન પામેલ પાકિસ્તાનના એક એર-બેઝનો રન-વે બે મહિના કરતા વધુ સમય થયો હોવા છતા હજી કાર્યરત થઇ શક્યો નથી અને તે બંધ રહેવાની મુદ્દત વધુ લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે રહીમ યાર ખાન એરબેઝનો રન-વે હજી પાંચમી ઓગસ્ટ સુધી બંધ રહેશે એવી જાહેરાત કરવામાં આવી છે. પાકિસ્તાનના સત્તાવાળાઓએ નોટિસ ટુ એરમેન(નોટામ)માં જણાવ્યું છે કે આ રન-વે ફ્લાઇટ ઓપરેશનો માટે ૫ ઓગસ્ટ સુધી બંધ રહેશે. આ એર-બેઝનો રન-વે બંધ રહેવાની મુદ્દત પાકિસ્તાને આ ત્રીજી વખત લંબાવી છે, જે સૂચવે છે કે ઓપરેશન સિંદુર દરમ્યાન ભારત દ્વારા કરવામાં આવેલા હુમલામાં આ રન-વેને કેટલી હદે નુકસાન થયું હશે. આ નોટિસમાં જો કે રન-વે બંધ રહેવા માટે કોઇ વિગતવાર કારણ જણાવવામાં આવ્યું નથી. ફક્ત એટલું કહેવામાં આવ્યું છે કે કામ ચાલુ હોવાથી રન-વે બંધ છે.

પંજાબ પ્રાંતમાં આવેલ આ બેઝ એક ડ્યુઅલ પર્પઝ એરપોર્ટનું કામ કરે છે. એર-બેઝ ઉપરાંત તેમાં શેખ ઝાયેદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પણ આવેલું છે. આ એરબેઝનો સમાવેશ પાકિસ્તાનના તેવા ૧૧ લશ્કરી સ્થાનોમાં થાય છે જેમને ભારતીય લશ્કરે ઓપરેશન સિંદુર અને તે પછીની લડાઇમાં નિશાન બનાવ્યા હતા. એક હાઇ-રિઝોલ્યુશન કોમર્શિયલ સેટેલાઇટ ઇમેજમાં જોઇ શકાય છે કે આ રન-વેની મધ્યમાં એક મોટી અને ઉંડી ફાંટ પડી ગઇ છે. આ રન-વે પર દસ મેએ હુમલો થયો હતો.

# જો ખાસ કોર્ટ ન સ્થપાય તો અદાલતોએ NIA, UAPAના આરોપીઓને છોડી દેવા પડશે: સુપ્રીમે કેન્દ્રને કહ્યું

**ખાસ** કાયદાઓ હેઠળના કેસો માટે ખાસ અદાલતો નહીં રચવા બદલ કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકારની સુપ્રીમે ઝાટકણી કાઢી

નવી દિલ્હી, તા. ૧૮(પીટીઆઇ): સુપ્રીમ કોર્ટે ખાસ કાયદાઓ હેઠળના કેસો માટે ખાસ અદાલતોની રચના નહીં કરવા બદલ આજે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકારની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે જો આવી કોર્ટોની રચના નહીં થાય તો અદાલતોએ આરોપીઓને જામીન પર છોડી દેવા પડશે. જસ્ટિસો સૂર્યકાંત અને જોયમલ્યા બાગચીની બેન્ચના આદેશમાં કહેવામાં આવ્યું છે કે, જો સત્તાવાળાઓ NIA કાયદા અને અન્ય વિશેષ કાયદાઓ હેઠળ ઝડપી ટ્રાયલ ચલાવવા માટે જરૂરી માળખાગત સુવિધાઓ સાથે અદાલતો સ્થાપિત કરવામાં નિષ્ફળ જાય, તો કોર્ટને નિરપવાદ રીતે આરોપીઓને જામીન પર મુક્ત કરવાની ફરજ પડશે, કારણ કે સમયસર ટ્રાયલ પૂર્ણ કરવા માટે કોઈ અસરકારક પદ્ધતિ નથી. બેન્ચે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકાર વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ રાજકુમાર ભાસ્કર ઠાકરેને જણાવ્યું હતું કે, હાલની અદાલતોને વિશેષ અદાલતો તરીકે નિયુક્ત કરવી એ હાઈકોર્ટને તેમને ફરીથી લેબલ મારવા માટે મજબૂર કરવા જેવું છે.

અમને ખાતરી છે કે NIA કાયદા અને અન્ય વિશેષ કાયદાઓ હેઠળના કેસોમાં ઝડપી ટ્રાયલ માટે વિશેષ અદાલતો સ્થાપવા માટે કોઈ અસરકારક અથવા દશ્યમાન પગલાં લેવામાં આવ્યા નથી. એ કહેવાની જરૂર નથી કે વિશેષ અદાલતોની સ્થાપના માટે ઉચ્ચ ન્યાયિક અધિકારીઓ, સ્ટાફ, કોર્ટરૂમ અને મૂળભૂત સુવિધાઓ માટે જગ્યાઓ બનાવવાની જરૂર પડશે એમ બેન્ચે કહ્યું. બેન્ચે કહ્યું કે તેના આદેશોથી વિપરીત, એવી છાપ ઉભી કરવામાં આવી હતી કે NIA કાયદા હેઠળ હાલની અદાલતને વિશેષ અદાલત તરીકે નિયુક્ત કરવું એ આદેશોના પાલન માટે પુરતું છે.

# અમેરિકામાં ટ્રમ્પ સામે ફરીથી દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો




પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વિવાદાસ્પદ નીતિઓના વિરોધમાં અમેરિકામાં ૧૬૦૦થી વધુ સ્થળોએ દેખાવો યોજાયા હતા જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. ટ્રમ્પની વિવાદાસ્પદ નીતિઓ જેવી કે ઈમિગ્રન્ટો અને શરણાર્થીઓની હકાલપટ્ટી, મેડિકલ વીમામાં કાપ, ગરીબીમાં જીવતા લોકો માટેની સલામતી જાળ દૂર કરવી વગેરેના વિરોધમાં આ દેખાવો કરવામાં આવ્યા હતા. આ વખતે વિરોધ પ્રદર્શનોને ગુડ ટ્રબલ લીઝ ઓન એવું નામ આપવામાં આવ્યું હતું. પ્રજા મુક્તિ ચળવળકાર જહોન લેવિસની યાદ સાથે પણ ટ્રમ્પ સામેના આ વિરોધ પ્રદર્શનોને સાંકળવામાં આવ્યા હતા જેમને નેશનલ ડે ઓફ એકશન એવું નામ આપવામાં આવ્યું હતું.

# ચીને ઈવી બેટરી ટેકનોલોજીની નિકાસ પર નવા નિયંત્રણો મૂક્યા

**ઇવી** બેટરીના ઉત્પાદનની ટેક્નોલોજી અને લિથિયમને પ્રોસેસ કરવાની ટેક્નોલોજીની નિકાસ માટે ચીની કંપનીઓએ સરકારની મંજૂરી લેવી પડશે

**ઇવી** બેટરીના ક્ષેત્રમાં પોતાના વૈશ્વિક પ્રભુત્વને વધુ મજબૂત બનાવવાનો ચીનનો પ્રયાસ

હોંગકોંગ, તા. ૧૮: ચીને ઇલેક્ટ્રિક વાહનોની બેટરીના ઉત્પાદન માટેની મહત્વપૂર્ણ ટેકનોલોજી પર નિકાસ પ્રતિબંધો લાદ્યા છે, જે વૈશ્વિક EV રેસમાં દેશની આગેવાનીમાં ફાળો આપનારા ક્ષેત્રમાં તેના વર્ચસ્વને મજબૂત કરવાના પગલા તરીકે છે.

EV બેટરી બનાવવા અને બેટરી માટે મહત્વપૂર્ણ ખનિજ લિથિયમને પ્રોસેસ કરવા માટે ઉપયોગમાં લેવાતી ઘણી ટેકનોલોજીઓ સરકારની નિકાસ નિયંત્રણ સૂચિમાં ઉમેરવામાં આવી છે.

દેશના વાણિજ્ય મંત્રાલયના એક નિવેદન અનુસાર, યાદીમાં સમાવેશનો અર્થ એ છે કે ટેકનોલોજીઓને વિદેશમાં સ્થાનાંતરિત કરવા - જેમ કે વેપાર, રોકાણ અથવા તકનીકી સહયોગ દ્વારા - સરકાર દ્વારા જારી કરાયેલ લાઇસન્સની જરૂર પડશે.

નવા નિયંત્રણો ત્રણ મહિના પહેલા કેટલાક દુર્લભ પૃથ્વી તત્વો અને તેમના ચુંબક પર લાગુ કરાયેલા સમાન પ્રતિબંધોને પ્રતિબિંબિત કરે છે - જે ફક્ત EV ઉત્પાદનમાં જ નહીં, પરંતુ ગ્રાહક ઇલેક્ટ્રોનિક્સ અને લશ્કરી સાધનો જેમ કે ફાઇટર જેટમાં પણ ઉપયોગમાં લેવાતી મહત્વપૂર્ણ સામગ્રી છે.

દુર્લભ પૃથ્વી ખનિજોની સપ્લાય ચેઇન પર ચીનનું પ્રભુત્વ અમેરિકા સાથેના નવા વેપાર યુદ્ધમાં તેના સૌથી શક્તિશાળી સાધનોમાંના એક તરીકે ઉભરી આવ્યું છે.

ચીન સ્પર્ધાત્મક વૈશ્વિક EV બજારમાં અગ્રણી ખેલાડી તરીકે ઉભરી આવ્યું છે, જે તેની વ્યાપક સપ્લાય ચેઇન દ્વારા, કાચા માલની પ્રક્રિયાથી લઈને બેટરી ઉત્પાદન સુધી, ઉચ્ચ-પ્રદર્શનકારી અને વાજબી ભાવની બેટરી વિકસાવવાની ક્ષમતાને આભારી છે.

વિશ્વભરમાં મોટી સંખ્યામાં કાર ઉત્પાદકો તેમના વાહનોમાં ચાઇનીઝ EV બેટરીનો ઉપયોગ કરે છે. બજાર સંશોધન અને સલાહકાર પેઢી SNE રિસર્ચ અનુસાર, ચાઇનીઝ EV બેટરી ઉત્પાદકો વૈશ્વિક બજાર હિસ્સાના ઓછામાં ઓછા 67% હિસ્સો ધરાવે છે.

# આમ આદમી પાર્ટી ઈન્ડિયા બ્લોકમાંથી નીકળી ગઈ

**કોંગ્રેસ** જૂથમાં સૌથી મોટી પાર્ટી છે, પણ શું તેણે વિપક્ષી એકતા સુનિશ્ચિત કરવામાં ભૂમિકા ભજવી?: આપે કોંગ્રેસની ભૂમિકા પર સવાલ કર્યા

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ): આમ આદમી પાર્ટીએ શુક્રવારે પોતાને ઈન્ડિયા ગઠબંધનથી દૂર કરી હતી, તેણે કહ્યું હતું તે હવે વિરોધ પક્ષના ગઠબંધનનો ભાગ નથી અને તેનું નેતૃત્વ કરવા માટે કોંગ્રેસ પાર્ટીની ભુમિકા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો.

આ ટિપ્પણી રાજ્યસભા સાંસદ સંજય સિંહે કરી હતી જ્યારે શનિવારની સાંજે ઈન્ડિયા બ્લોકના નેતાઓની એક ઓનલાઈન બેઠક થવાની છે જેમાં દેશમાં પ્રવર્તી રહેલી રાજકીય સ્થિતિ પર ચર્ચા કરવામાં આવશે.

આ બેઠક સોમવારથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્ર પહેલા આવી રહી છે. ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ ઈન્ક્લુઝીવ એલાયન્સના (ઈન્ડિયા) ઘટકોએ દેશની રાજકીય પરિસ્થિતિ પર સંયુક્ત રીતે ચર્ચા કરી ત્યાર બાદ લાંબા સમય પછી આ બેઠક યોજાશે.

'આપએ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. ઈન્ડિયા બ્લોક (2024) લોકસભા ચૂંટણી માટે હતો. અમે દિલ્હી અને હરિયાણા વિધાનસભા ચૂંટણીઓ પોતાના દમ પર લડ્યા હતા. અમે બિહાર ચૂંટણી એકલા લડવાના છીએ. અમે પંજાબ અને ગુજરાતમાં પેટાચૂંટણીઓ એકલા લડ્યા હતા. આપ ઈન્ડિયાનો ભાગ નથી. અમે લોકસભામાં મજબૂતીથી મુદ્દાઓ ઉઠાવીશું. અમે હંમેશાં મજબૂત વિપક્ષની ભૂમિકા ભજવી છે', એમ સિંહે પીટીઆઈ વીડિયોને કહ્યું હતું.

કોંગ્રેસ પર પ્રહાર કરતા સંજય સિંહે વિપક્ષી જૂથનું નેતૃત્વ કરવામાં તેની ભૂમિકા પર પ્રશ્ન ઉઠાવ્યો.

'આ બાળકોની રમત નથી. શું તેમણે લોકસભા ચૂંટણી પછી કોઈ બેઠક યોજી હતી? શું ઈન્ડિયા જૂથના વિસ્તરણ માટે કોઈ પહેલ હતી? ક્યારેક તેઓ અખિલેશ યાદવ, ક્યારેક ઉદ્ધવ ઠાકરે અને ક્યારેક મમતા બેનર્જીની ટીકા કરે છે. ઈન્ડિયા જૂથ એક થવું જોઈતું હતું. કોંગ્રેસ જૂથમાં સૌથી મોટી પાર્ટી છે. પરંતુ શું તેણે વિપક્ષી એકતા સુનિશ્ચિત કરવામાં ભૂમિકા ભજવી?' એમ તેમણે પૂછ્યું.

# એપસ્ટિન વિવાદમાં ટ્રમ્પ વધુ ફસાયા: વૉલ સ્ટ્રીટ જર્નલે ૨૦૦૩ના પત્ર પર અહેવાલ પ્રગટ કર્યો

**ધનવાન** રોકાણકાર એપસ્ટિનના જેલમાં થયેલા રહસ્યમય મોતના વિવાદ વચ્ચે આ પત્રએ વિવાદ વધુ વકરાવ્યો

**આ પત્રમાં** જાતીય ઇચ્છાઓની કેટલીક વાતો લખાય છે અને નગ્ન સ્ત્રીનું ચિત્ર છે, ટ્રમ્પે આ પત્ર એપસ્ટિનના જન્મદિને લખ્યો હોવાનું કહેવાય છે

**આ પત્ર** પોતે લખ્યો હોવાનો ઇન્કાર કરીને ટ્રમ્પે વોલ સ્ટ્રીટ જર્નલ પર દાવો માંડવાની ચેતવણી આપી

વૉશિંગ્ટન, તા. ૧૮: અમેરિકી પ્રમુખ ટ્રમ્પ તેમના એક સમયના મિત્ર અને ધનવાન રોકાણકારા જેફ્રી એપસ્ટિનના કેસમાં વધુ ફસાતા જણાય છે જ્યારે જાણીતા અખબાર વૉલ સ્ટ્રીટ જર્નલ દ્વારા એક અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો છે જેમાં ટ્રમ્પે એપસ્ટિનને કથિત રીતે ૨૦૦૩માં લખેલા એક પત્રની વિગતો જાહેર કરવામાં આવી છે.

વૉલ સ્ટ્રીટ જર્નલે જે અહેવાલ આપ્યો છે તેમાં ૨૦૦૩ના એક પત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે પત્રમાં જાતીય લાગણીઓ અને ઈચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે એમ કહેવાય છે. એપસ્ટિનના ૫૦મા જન્મદિને લખાયેલા પત્રમાં લખાણ ટ્રમ્પે લખ્યું હોવાનું પણ કહેવાય છે. જો કે ટ્રમ્પે આ પત્ર પોતે લખ્યો હોવાનો ઈન્કાર કર્યો છે અને તેને બનાવટી, બદઈરાદાયુક્ત અને બદનામીકારક ગણાવીને વૉલ સ્ટ્રીટ જર્નલ સામે કાનૂની દાવો માંડવાની ચેતવણી આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જેફ્રી એપસ્ટિન એક રંગીન મિજાજી ધનવાન રોકાણકાર હતો. સગીર વયની છોકરીઓની હેરાફરીનો કેસ તેના પર થયો હતો અને અંડરટ્રાયલ કેદી તરીકે રખાયો હતો ત્યારે ૨૦૧૯માં જેલમાં જ તેનું રહસ્યમય મોત થયું હતું. આને આપઘાત ગણવામાં આવે છે જ્યારે કેટલાક તે હત્યા હોવાની પણ શંકા વ્યક્ત કરે છે. તેના આ મોત અંગેની ફાઈલ સાથે ટ્રમ્પ પ્રશાસનના કેટલાક અધિકારીઓએ ચેડા કર્યા હોવાના આક્ષેપ થાય છે.

વૉલ સ્ટ્રીટ જર્નલે જે પત્ર પ્રગટ કર્યો છે તેમાં લખાણ ઉપરાંત એક નગ્ન સ્ત્રીનું ચિત્ર પણ છે. ટ્રમ્પે સોશ્યલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે હું આવી ભાષામાં લખતો નથી અને ચિત્ર પણ દોરતો નથી. તેમણે વૉલ સ્ટ્રીટ જર્નલ પર દાવો માંડવાનું કહ્યું છે.

# અમેરિકાના લોસ એન્જેલસમાં વિસ્ફોટમાં ત્રણનાં મોત

**તાલીમ** કામગીરી દરમ્યાન અકસ્માત થયો હોવાની શક્યતા

લોસ એન્જલસ, તા. ૧૮(એપી): શુક્રવારે વહેલી સવારે થયેલા વિસ્ફોટમાં ત્રણ લોકો માર્યા ગયા હતા અને આ વિસ્ફોટની પ્રાથમિક રીતે સંભવિત તાલીમ અકસ્માત તરીકે તેની તપાસ કરવામાં આવી રહી છે એમ એક કાયદા અમલીકરણ અધિકારીએ નામ ન આપવાની શરતે એસોસિએટેડ પ્રેસ સાથે વાત કરતા જણાવ્યું હતું.

લોસ એન્જલસ કાઉન્ટી ફાયર ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે તેમણે સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ સંભવિત વિસ્ફોટ અંગેના કોલનો જવાબ આપ્યો હતો.

લોસ એન્જલસ કાઉન્ટી શેરિફ વિભાગે કોઈ મૃત્યુની પુષ્ટિ કરી નથી. એટર્ની જનરલ પામ બોન્ડીએ જણાવ્યું હતું કે તેમને યુએસ એટર્ની બિલ એસેલીની ઓફિસમાંથી ત્રણ મૃત્યુ વિશે જાણવા મળ્યું હતું.

તેમની ઓફિસે ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો. કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસમની ઓફિસે જણાવ્યું હતું કે તેમને આ બાબતે માહિતી આપવામાં આવી છે, જે બનાવ પૂર્વ લોસ એન્જલસમાં એલએ કાઉન્ટી શેરિફના સ્પેશિયલ ઓપરેશન્સ બ્યુરોમાં બન્યો હતો. કેએબીસી-ટીવીના એરિયલ ફૂટેજ બતાવતા હતા કે વિસ્ફોટ શેરિફ પેટ્રોલ કારો અને બોક્સ ટ્રકથી ભરેલા પાર્કિંગ લોટમાં થયો હતો.

torrent POWER

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૨૧/૦૭/૨૦૨૫, સોમવાર : બાબ્રિક ઈન્ડ. (ફુલપાડા રોડ)
- ૨૨/૦૭/૨૦૨૫, મંગળવાર : શ્રીનગર સોસા. (ડભોલી), સન્ડે હાઈટ એન્ડ એવેન્યુ (વેડ રોડ), અનુરાધા કોમ્પ્લેક્ષ (કે.જી.જીઆઈડીસી), સહજ પાર્ક રો હાઉસ
- ૨૪/૦૭/૨૦૨૫, ગુરૂવાર : જલ દર્શન (સિંગણપોર), ક્રિષ્ણા ટાઉનશીપ (ડભોલી), દાણાપીઠ નં.૨ (બેગમપુરા)-T૨, એમ.ડી. ડ્રીમલેન્ડ ટેક્ષટાઇલ માર્કેટ -T૨
- ૨૫/૦૭/૨૦૨૫, શુક્રવાર : સર્જન વાટિકા (ડભોલી), સહજ ઈમ્પેરીયા (સિંગણપોર), સ્વામિ ઈન્ડ. નં.૫ (યુ.એમ.રોડ)
- ૨૬/૦૭/૨૦૨૫, શનિવાર : પંડોલ ઈન્ડ. નં.૮ (વેડ રોડ)
- ૨૭/૦૭/૨૦૨૫, રવિવાર : નવસર્જન ઈન્ડ. નં.૨ (ભટાર)

**અસુવિધા બદલ દિલગીર છીએ**

Door step services are available for senior & physically challenged citizens
Request to call on 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
or mail to connect.srt@torrentpower.com
WhatsApp 8141970070

## પેજ3

### રાજકુમાર રાવ અને પત્રલેખા બેબીમૂનનો આનંદ માણી રહ્યા છે



મુંબઈ, તા. 18: સ્ત્રી-2 અભિનેતા રાજકુમાર રાવ અને તેનાં પત્ની પત્રલેખા ટૂંક સમયમાં માતાપિતા બનવાના છે. આ દંપતીએ ગયા અઠવાડિયે સોશિયલ મીડિયા પર ચાહકો સાથે આ આનંદદાયક સમાચાર શેર કર્યા હતા. હાલમાં રાજકુમાર અને પત્રલેખાએ ન્યુઝીલેન્ડમાં આરામદાયક બેબીમૂનનો આનંદ માણ્યો હતો. તેમના વેકેશનના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે! આ દંપતી પૂલમાં સાથે આરામદાયક ક્ષણનો આનંદ માણતા કિસ કરતા જોવા મળ્યા હતા.

પત્રલેખાએ તેના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ન્યુઝીલેન્ડમાં બેબીમૂનના કેટલાંક ફોટાઓ શેર કર્યા હતા. પ્રથમ ફોટામાં રાજકુમાર અને પત્રલેખા સ્વિમિંગ પુલમાં હાથ પકડીને બેઠા છે. પત્રલેખાના ચહેરા પર ગર્ભાવસ્થાની ચમક દેખાય છે, અને નારંગી મોનોકિનીમાં એકદમ સુંદર લાગે છે. ઉપરાંત પુલમાં તેમની કિસ કરતી રોમેન્ટિક તસવીર પણ છે.

### સ્ટંટમેનનાં મોત બાદ અક્ષયે 700 સ્ટંટમેનનો વીમો કરાવ્યો



મુંબઈ, તા. 18: તમિલનાડુમાં 13 જુલાઈના રોજ નિર્દેશક પી રંજીતની ફિલ્મ 'આર્યા'ના શુટીંગ દરમિયાન સ્ટંટ કરતા સ્ટંટમેન એસ એમ રાજૂનું મોત થયું હતું. આવનારી ફિલ્મ 'વેટ્ટુવન'ના એક ઉચ્ચ જોખમવાળા દ્રશ્યને શુટ કરતા સમયે સ્ટંટમેનનો જીવ જતો રહ્યો હતો. આ બનાવનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેને જોઈ દરેક વ્યક્તિ દુ:ખી થઈ હતી. દરમિયાન બોલિવુડ સ્ટાર અક્ષય કુમારે પોતાનો જીવ જોખમમાં મૂકનાર સ્ટંટમેન અને સ્ટંટવુમનનો વીમો કરાવ્યો છે.

અક્ષયે આખા ભારતના લગભગ 700 સ્ટંટમેન અને સ્ટંટવુમનની જીવન વીમો કરાવ્યો છે. અક્ષયની આ પહેલમાં એક્શન ક્રૂ સભ્યોને આરોગ્ય અને અકસ્માત વીમો કરાવ્યો છે.

### તમિલ ફિલ્મ નિર્માતા-અભિનેતા વેલુ પ્રભાકરનનું નિધન



નવી દિલ્હી, તા. 18: પીઢ તમિલ ફિલ્મ નિર્માતા અને અભિનેતા વેલુ પ્રભાકરનનું શુક્રવાર, 18 જુલાઈના રોજ ચેન્નાઈની એક હોસ્પિટલમાં નિધન થયું હતું. નલયા મણિથન, પુરાત્ચિક્કરન, અસુરન અને રાજલ જેવી ફિલ્મોના દિગ્દર્શન માટે પ્રખ્યાત, વેલુ પ્રભાકરન લાંબા સમયથી બીમાર હતા.

નાસ્તિકતા, જાતિ અને જાતિયતા જેવા વિષયો પર કામ કરનારા આ ફિલ્મ નિર્માતાને તેમના અવસાનના એક દિવસ પહેલા આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા.

6 મે, 1957ના રોજ જન્મેલા વેલુ પ્રભાકરને 1989ની હોરર ફિલ્મ નલયા મણિથનથી દિગ્દર્શન ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું તે પહેલા મનોરંજન ઉદ્યોગમાં સિનેમેટોગ્રાફર તરીકે પ્રવેશ કર્યો હતો. તેમની કેટલાક શ્રેષ્ઠ ફિલ્મોમાં ઓરુ ઇયક્કુનારિન કધલ ડાયરી, કધલ કઢાઈ, સરિયાના જોડી, કદવુલ, અધિસા મણિથન, સિવન અને પુથિયા આચી સામેલ છે.

# યશવી ફાઉન્ડેશનની નવરાત્રિ-2025 કેન્સર પીડિતોને સમર્પીત બનશે

**આ** ગ્રુપનો ઉદ્દેશ્ય ધંધાકીય નથી પીડિતોની મદદ માટેનો હોય છે

સુરતની જનતા અને તમામ ખેલૈયાઓને જણાવતા આનંદ થાય છે આ વર્ષ 2025માં યશવી નવરાત્રીનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવનાર છે. આપ સૌ જાણો છો તેમ યશવી ફાઉન્ડેશન કે જે છેલ્લા ઘણા વર્ષોથી ભુખ્યાને ભોજન માટે અન્નસેવા, ગરીબ અને પછાત વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સહાય, વિવિધ વર્ગો અને સમુદાય માટે મેડિકલ કેમ્પનું આયોજન કરતું આવ્યું છે.

વર્ષ 2024માં સુરતના પાલ વિસ્તારમાં યશવી એન્ટરટેઇનમેન્ટ આયોજિત પહેલી જ નવરાત્રી સુરતીઓ માટે યાદગાર બની રહી હતી. સુરતના સૌથી મોટા એ.સી. ડોમમાં બધા ગરબા આયોજનો કરતા અલગ અનુભવ લઈને ખેલૈયાઓએ ગરબા ઘુમવાની મજા માણી હતી. જોકે તે પહેલું નવરાત્રીનું આયોજન પણ ગરબાપ્રેમીઓની રમઝટ સાથે બીજી અનેક રીતે અનોખું હતું. 2024ના યશવી નવરાત્રીના પ્રથમ આયોજનમાં નવરાત્રીના દરેક દિવસે અમે સમાજના અલગ અલગ વર્ગો જેમાં દિવ્યાંગ, અંધજન, કિન્નર સમાજ, અનાથાશ્રમના બાળકો અને વૃદ્ધાશ્રમના વડીલોને પણ આમંત્રિત કરીને તેમને આ તહેવારનો આનંદ અપાવીને આદ્યશક્તિના આ મહાપર્વને ઉજવ્યો હતો.

તમારા સૌના આશીર્વાદ અને પ્રેમ થકી યશવી નવરાત્રી 2025નું આયોજન પણ કેન્સર પીડિતોના લાભાર્થે કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ સુરતની પહેલી નવરાત્રી હશે, જેની પાછળ કોઈ ધંધાકીય ઉદ્દેશ્ય નહિ પણ માત્ર ને માત્ર સમાજસેવાનો આશય રહેશે.

યશવી નવરાત્રી 2025 થી જે પણ આવક કે ફાળો એકત્ર થશે, તે તમામ લાયન્સ કેન્સર હોસ્પિટલમાં કેન્સર પીડિત દર્દીઓ માટે શરૂ થનાર ફેસિલિટી સેન્ટરને સમર્પિત કરવામાં આવશે.

આ વર્ષે 2024 કરતા વધુ વિશાળ, વધુ ભવ્ય આયોજન સાથે જ્યારે યશવી નવરાત્રી થવા જઈ રહી છે, ત્યારે ગત વર્ષની જેમ જ સુરતની જનતા અને ખેલૈયાઓનો પ્રેમ અને સહકાર અમને મળશે તેવી અમને અપેક્ષા છે. સમાજસેવાની નેમ સાથે યશવી નવરાત્રીમાં તમે સૌ જોડાઓ તેવી તમામને નમ્ર અરજ છે.